# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-05-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દૂરદર્શન સાથેની મુલાકાતમાં જણાવ્યું કે ચૂંટણી એ લોકશાહીનો મોટો ઉત્સવ છે.
- લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં 58 બેઠકો પર સાંજના પાંચ વાગ્યા સુધી સરેરાશ 57.70 ટકા મતદાન થયું
- રાજ્યમાં આજે ગરમીમાં સામાન્ય ઘટાડો નોંધાયો – છેલ્લા બે દિવસમાં હીટવેવના કારણે ચાર લોકોના મોત
- વિશ્વ ટેબલ ટેનીસ સ્પર્ધામાં ગુજરાતના બે ખેલાડીઓ સેમીફાઇનલમાં પહોંચ્યા.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM-DD-INTERVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ચૂંટણી એ લોકશાહીનો મોટો ઉત્સવ છે અને ભાવિ પેઢીના મનમાં લોકશાહીના મૂલ્યોને સ્થાપિત કરવાનો એક પ્રસંગ છે.

દૂરદર્શન સમાચારને આપેલા એક ઇન્ટરવ્યુમાં શ્રી મોદીએ કહ્યું કે, સરકાર કે રાજકીય પક્ષોએ પોતાના કામનો હિસાબ નાગરિકોને આપવો જોઈએ. તેમણે કહ્યું કે, તેઓ ચૂંટણીને લોકસંપર્કનું એક અભિયાન માને છે. તેમણે વધુમાં કહ્યું કે, તેઓ કોઈપણ પ્રકારની ટીકાને ગંભીરતાથી લે છે. તેમણે જણાવ્યું કે....

(બાઇટ- પીએમ મોદી)

. . . . . . . . . . . . . . .

# LOK SABHA ELECTION SIXTH PHASE VOTING

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા અંતર્ગત સાત રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 58 બેઠક પર સાંજે પાંચ વાગ્યા સુધી સરેરાશ 57.70 ટકા મતદાન નોંધાયું. સૌથી વધુ 77.99 ટકા મતદાન પશ્ચિમ બંગાળમાં તો સૌથી ઓછું 51.35 ટકા મતદાન જમ્મુ અને કાશ્મીરમાં નોંધાયું.

ઉપરાંત ઉત્તરપ્રદેશમાં 52.02 ટકા, બિહારમાં 52.24 ટકા, દિલ્હીમાં 53.73 ટકા, હરિયાણામાં 55.93 ટકા, ઓડિશામાં 59.60 ટકા, ઝારખંડમાં 61.41 ટકા સરેરાશ મતદાન નોંધાયું.

---------

## WEATHER

રાજ્યમાં પવનની દિશા બદલાતા તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો છે. પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ પવનની દિશાને કારણે લોકોને ગરમીમાંથી થોડી રાહત મળી છે. છેલ્લા 10 દિવસથી રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર થતાં લોકો ગરમીના કારણે પરેશાન થઈ રહ્યા હતા. જોકે હવે લોકો વરસાદની રાહ જોઈ રહ્યા છે. હવામાન વિભાગ મે મહિનાના અંતિમ દિવસોમાં ચક્રવાતની અસરને કારણે વરસાદની આગાહી કરી રહ્યું છે.

અમદાવાદ સ્થિત હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું છે કે ગરમીમાં વધારો સાયક્લોનિક અને એન્ટિ-સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જેવા કારણોસર થાય છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આજથી  ગરમીમાં ઘટાડો થશે. છેલ્લા ઘણા દિવસોથી સવારે 8 વાગ્યે તાપમાન 35 ડિગ્રીની આસપાસ રહેતું હતું, પરંતુ આજે 31 ડિગ્રી નોંધાયું હતું. ગઇકાલે રાત્રે અમદાવાદમાં તાપમાન 27-28 ડિગ્રી હતું. જો કે તેમ છતાં હવામાન વિભાગે અમદાવાદ સહિત અન્ય અનેક જિલ્લાઓમાં શનિવાર અને રવિવારે ઓરેન્જ એલર્ટ

આપ્યું છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન 43 ડિગ્રીની આસપાસ રહ્યું છે. રાત્રિ દરમિયાન તાપમાન 30 થી 33 ડિગ્રી વચ્ચે રહેવાની ધારણા છે. ભાવનગરમાં આજે દિવસનું મહત્તમ તાપમાન 41.6 ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા એક અઠવાડિયાના સનસ્ટ્રોકના 30 થી વધુ દર્દીઓ નોંધાયા હતા. સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન 42.8 ડિગ્રી નોંધાયું છે.

2001થી 2024 સુધીના 24 વર્ષ દરમિયાન મે મહિનામાં માત્ર 6 વર્ષ એવા રહ્યા છે જ્યારે ઉનાળાનું તાપમાન 44 ડિગ્રીથી ઉપર ન ગયું હોય. આ ઉપરાંત 18 વર્ષથી હીટવેવના કારણે ગરમીનો પારો 44થી 48 ડિગ્રીએ પહોંચી ગયો હતો.

-----------------

## HEATSTROK DIED

અમદાવાદ શહેરમાં હીટવેવના કારણે ચાર વ્યક્તિના મોત નીપજ્યા છે. જેમાં બે નવજાત બાળકોના ડિહાઇડ્રેશનના કારણે મોત થયા છે.

CTM વિસ્તારના 15 દિવસના અને રખિયાલના 10 દિવસના બાળકોને ડિહાઇડ્રેશનના કારણે સરસપુરની શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બંને બાળકોના મોત નીપજ્યા છે.

ગઇકાલે ગરમી સંબંધિત બિમારીના કારણે 100 લોકોને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી 47 લોકો હીટ સ્ટ્રોકનો ભોગ બન્યા હતાં.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ રજનીશ પટેલે કહ્યું કે જ્યારે શરીરનું તાપમાન 105 ડિગ્રી ફેરનહીટ સુધી પહોંચી જાય તો તેને હીટ સ્ટ્રોક ગણવામાં આવે છે.

સુરતમાં હીટ સ્ટ્રોક માટે અલગ વોર્ડ સુરતની સિવિલ અને સ્મીર હોસ્પિટલમાં હીટ વેવ માટે અલગ વોર્ડ બનાવવામાં આવ્યો છે. તેમાં છેલ્લા ત્રણ દિવસથી હીટ સ્ટ્રોકના દર્દીઓ દાખલ થઈ રહ્યા છે. તાજેતરમાં 5 દર્દીઓ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા છે. સ્મીરમાં ચાર દર્દીઓ દાખલ કરાયા છે. જોકે સુરતમાં હજુ સુધી હીટ સ્ટ્રોકથી કોઈનું મોત થયું નથી.

. . . . . . . . . . . . . . . . . . .

## Chotaudepur - Drinking water - Bear

કાળઝાળ ગરમીમાં પશુ-પક્ષીઓને પીવાનું પાણી મળી રહે તે માટે છોટાઉદેપુર વનવિભાગે બાવન કુંડીઓ બનાવી છે. જંગલ વિસ્તારમાં આવેલી કુંડોમાં ટેન્કર અને પંપ દ્વારા મુંગા પ્રાણીઓ માટે પાણીની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે.

આ અંગે વધુ માહિતી આપે છે છોટાઉદેપુરના રેન્જ ફોરેસ્ટ ઓફિસર એન.સી.રાઠવા.......

(બાઇટ- એન.સી.રાઠવા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર)

-----------------

# HEATWAVE - VADODARA

વડોદરા શહેર અને જિલ્લામાં ભારે ગરમીની સ્થિતિમાં નાગરિકોને સુરક્ષા મળી રહે તે માટે રાજ્ય સરકારના નિર્દેશો અનુસાર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ હિટ વેવ સામે અસરકારક પગલાં લેવામાં આવી રહ્યા છે. કલેક્ટર બિજલ શાહ દ્વારા સંબંધિત વિભાગોને સખત ગરમી સામે ઉપચારાત્મક પગલાં લેવા સૂચનાઓ અપાઇ છે.

કલેક્ટરે જણાવ્યું કે, જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મનરેગા હેઠળ ચાલતા કામોમાં શ્રમયોગીઓને રાહત મળે તે માટે છાંયડો, પીવાનું પાણી, પ્રાથમિક સારવારની કિટ જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમણે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને મનરેગાના કામો માટે સવારના સમય વહેલો કરવા સૂચના આપી હતી.

------------

# NAGRIK SANRAKSHAN AWARD

અમદાવાદ જિલ્લા કલેકટર પ્રવિણા ડી.કે.ના હસ્તે નાગરિક સંરક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર સ્વયંસેવકોને સન્માનિત કરવામાં આવ્યા છે.

જેમાં રાષ્ટ્રપતિ સ્તરના પાંચ અને રાજ્યપાલ સ્તરના બે એમ કુલ સાત એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

વિવિધ વર્ષો દરમિયાન જાહેર થયેલા એવોર્ડ વિજેતાઓમાં હર્ષદકુમાર નાયક, પ્રણવ જોશી, આલોક રોય, ઋત્વિક જોશી, મોહમ્મદ મલેક એમ કુલ પાંચ  રાષ્ટ્રપતિ સ્તરના મેડલ અને નંદુભાઈ પટેલ,  જનકરાય શુકલને રાજ્યપાલ મેડલ  સન્માનિત કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે નાગરિક સંરક્ષણ હેઠળ કુલ 12 પ્રકારની નાગરિક સેવાઓનો સમાવેશ થાય છે. જેમાં કોઈ વિશિષ્ટ કામગીરી કરનાર સ્વયંસેવકોના નામની ભલામણ કેન્દ્ર સરકારને કરવામાં આવે છે. તેમાંથી આખરી પસંદગી બાદ જે તે વ્યક્તિનું નામ નક્કી કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

## CONGRESS

રાજ્યના મહાનગરોની સિવિલ હોસ્પિટલોમાં અને મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલોને તાત્કાલિક વાતાનુકુલિત જનરલ વોર્ડથી સજ્જ કરવાની માંગણી કોંગ્રેસે કરી છે.

કોંગ્રેસના પ્રવક્તા ડો.અમિત નાયકે આરોગ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાં 46 ડિગ્રી સુધી તાપમાન પહોંચી ગયું છે. જેના કારણે લોકોને ડિહાઇડ્રેશન અને હીટસ્ટ્રોકનો સામનો કરવો પડી રહ્યો છે,. ત્યારે રાજ્યને અને મહાનગરોની સરકારી હોસ્પિટલોમાં જનરલ વોર્ડ વાતાનુકુલિત કરવા જોઇએ.

-----------------

## SEASONAL FLU

વડોદરા જિલ્લામાં વાહક જન્ય રોગચાળા સંદર્ભે ઘેર-ઘેર સર્વેનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયો  છે. હવે પછી બીજો રાઉન્ડ 30 મે શરૂ થશે.

પ્રથમ રાઉન્ડમાં 96.70% વસ્તીને સર્વેમાં આવરી લીધી છે. વડોદરા ગ્રામ્ય વિસ્તારના આરોગ્ય કર્મચારીઓ વાહક જન્ય રોગ સંદર્ભે કામગીરી કરી રહ્યા છે. આ કર્મચારીઓ ઘરે-ઘરે મુલાકાત લઈને તાવના કેસોની તપાસ, મચ્છર ઉત્પત્તિના સ્થાનોની તપાસ, પોરાનાશક કામગીરી કરવા ઉપરાંત વાહક જન્ય રોગચાળા સામે જનજાગૃતિનું આરોગ્યલક્ષી શિક્ષણ પણ આપી રહ્યા છે. કોઈપણ ગામમાં મેલેરિયા, ડેન્ગ્યુ કે ચિકન ગુનિયાનો એક પણ કેસ નોંધાય તો તરત જ તે વિસ્તારમાં ત્રણ દિવસ પોરાનાશક કામગીરી ફોગિંગ અને સર્વે કરવામાં આવે છે.

--------------------

## BIKE YATRA - 12 Gyorthinling

સુરતનો યુવાન પ્રદીપ જીયાણીએ બાઇક પર બાર જ્યોર્તિલીંગ, ચારધામ યાત્રા અને નેપાળની યાત્રા શરૂ કરી છે. તે આજે સોમનાથ જ્યોર્તિલીંગના દર્શન કરવા આવી પહોંચ્યો છે. ગત 20મી મે ના રોજ

સુરતથી શરૂ કરેલી બાઇક યાત્રા દરમિયાન આ યુવાન 25 હજાર કિલોમીટરની મુસાફરી કરશે.

આ યાત્રા માટે બાઇકને પણ વિશેષ  રીતે તૈયાર કર્યું છે. બાઇક યાત્રા પર નીકળેલા પ્રદિપ જીયાણીને....

(બાઇટ- પ્રદીપ જીયાણી)

------------

## TABLE TENNIS- RIO DE JANEIRO

રિયો ડી જાનેરોમાં રમાઇ રહેલી વિશ્વ ટેબલ ટેનિસ સ્પર્ધામાં, ગુજરાતના માનુષ શાહ અને માનવ ઠક્કરની જોડીએ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ ભારતીય જોડીએ સ્થાનિક ખેલાડીઓ લુકાસ રોમાન્સ્કી અને ફેલિપ ડોટીને સીધી ગેમમાં, 3-0થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. આજે સાંજે તેઓ મેન્સ ડબલ્સની સેમી ફાઇનલમાં ફ્રાન્સના લિલિયન બાર્ડેટ અને જુલ્સ રોલેન્ડ સામે રમશે.

. . . . . . . . . . . . . . .

## NEWS IN BRIEF

હવે જોઇએ રાજ્યના અન્ય કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

0) જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના દર્દી અને તેમના સ્વજનો માટે પાણીના પરબનો પ્રારંભ કરાયો.

1) આહવા ખાતે, 10 દિવસીય સમર સાયન્સ હોબી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં આહવાના ધોરણ 5 થી 10 સુધીના વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

2) જામનગરમાં આઠ માળીયા આવાસમાં રાત્રિના અઢી વાગ્યાના અરસામાં એક જ પરિવારના નવ વ્યક્તિઓ લિફ્ટમાં ફસાયાં... ફાયર બ્રિગેડે સહી સલામત લોકોને બચાવ્યા.

3) ગાંધીનગર જિલ્લાના નર્મદા કેનાલમાંથી છેલ્લા 24 કલાકમાં પાંચ બિનવારસી મૃતદેહો મળી આવ્યા.

4) ભરૂચ જિલ્લામાં આવેલી રાજપારડી ગ્રામ પંચાયતમાં અગમ્ય કારણોસર આગ લાગી.

5) ભાવનગરમાં હિટવેવની અસરને પગલે રેડક્રોસ દ્વારા રસ્તા પર મજુરી કરતા લોકોને ટોપી અને  ORS ના પેકેટનું વિતરણ કરાયું.

6) મહીસાગર જિલ્લામાં વનવિભાગ દ્વારા જુદા જુદા સ્થળોએ ટેન્કર દ્વારા પાણીનો છંટકાવ કરીને પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડા મુકાયા.

---